# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૨૭ તા.૦૧-૦૧-૨૦૨૨

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- Runway to Vibrant Gujarat Startup Summit(VGSS)-2022 અંતર્ગત "વિદ્યાર્થી-ભારતની ભવિષ્યની મૂડી" વિષય ઉપર પ્રેરણાત્મક ઉદ્દબોધન સાંભળવા બાબત.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તથા GIS Foundationના સંયુકત ઉપક્રમે Runway to Vibrant Gujarat Startup Summit(VGSS)-2022 અંતર્ગત તા.૩/૧/૨૦૨૨ને સોમવારના રોજ સવારે ૧૦:૧૫ કલાકેથી ૧૧:૪૫ કલાક સુધી "વિદ્યાર્થી-ભારતની ભવિષ્યની મૂડી" વિષય ઉપર પ્રેરણાત્મક ઉદ્દબોધનનું જીવંત પ્રસારણ કરવામાં આવનાર છે. આ પ્રસારણને તમારી શાળાના જ્ઞાનકુંજના તમામ વર્ગોમાં પ્રોજેકટરની મદદથી જીવંત પ્રસારણ કરવું તથા તે સિવાયના ધો.૮ના તમામ વર્ગોમાં વેબસાઇટ https://youtu.be/MtK-X3LPFHg ઉપરથી યુ-ટ્યુબ મારફતે જીવંત પ્રસારણને વિદ્યાર્થીઓને કોમ્પ્યુટરમાં દર્શાવવા જણાવવામાં આવે છે. કાર્યક્રમના દિવસે તા.૦૩/૦૧/૨૦૨૨ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે યુ-ટયુબ સાથેનું જોડાણ કરી લેવું.

આ કાર્યક્રમના શુભારંભ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના માન.મેયરશ્રી કિરીટકુમાર પરમારના વરદ્ હસ્તે થનાર છે. તેમજ આ કાર્યક્રમના પ્રાસંગિક ઉદ્દબોધક નેશનલ ઇનોવેશન ફાઉન્ડેશન, સૃષ્ટિ, જ્ઞાન, હનીબી નેટવર્કના ફાઉન્ડર શ્રી અનિલ ગુપ્તા છે તેમજ આ કાર્યક્રમના મુખ્ય વકતા હેટ્સ ઓફ પ્રોડકશનના એકટર, ડાયરેકટર તેમજ પ્રોડયુસરશ્રી જે.ડી.મજેઠીયા છે.

આથી તમામ મુખ્ય શિક્ષકો તથા ધો.૮ના વર્ગ શિક્ષકોએ તા.૦૩/૦૧/૨૦૨૨ને સોમવારના રોજ આ કાર્યક્રમને યુ-ટયુબના જીવંત પ્રસારણને જોવા માટેની ટેકનિકલ જોડાણ સહિતની પૂર્વ તૈયારી સુનિશ્ચિત કરી લેવા જણાવવામાં આવે છે. ધો.૮નો એક પણ વિદ્યાર્થી આ કાર્યક્રમ જોવાથી વંચિત ન રહે તે સુનિશ્ચિત કરી લેવું. આ સાથે બિડાણમાં આપેલા Brochureમાં દર્શાવેલ QR code સ્કેન કરી લેવાથી પણ જીવંત પ્રસારણમાં જોડાઇ શકાશે.

બિડાણ :- Brochure

તા.૦૧-૦૧-૨૦૨૨

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

Azadi Ka Amrit Mahotsav

Vibrant Gujarat 2022 — STARTUP SUMMIT - 2022

GIS FOUNDATION
Inculcating the Culture of Innovation

# Runway to Vibrant Gujarat Startup Summit (VGSS) 2022

## પ્રેરણાત્મક ઉદ્બોધન

## વિદ્યાર્થી - ભારતની ભવિષ્યની મૂડી



**મુખ્ય વક્તા**
**શ્રી જે. ડી. મજેઠીયા**
એક્ટર, ડિરેક્ટર, પ્રોડ્યુસર,
હેટ્સ ઑફ પ્રોડક્શન



**પ્રાસંગિક ઉદ્બોધન**
**શ્રી પ્રો. અનિલ ગુપ્તા**
ફાઉન્ડર, નેશનલ ઇનોવેશન
ફાઉન્ડેશન, સૃષ્ટિ, જ્ઞાન, હનીબી
નેટવર્ક

**MON | 03 JAN | 10:15 AM- 11:45 AM**

JOIN

**જીવંત પ્રસારણ**
YouTube
https://youtu.be/MtK-X3LPFHg



Knowloedge Partner

www.gisindia.org.in